ગુજકોસ્ટના સહયોગથી

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં નેશનલ લેવલનો ટેકફેસ્ટ યોજાયો





ગાંધીનગર, તા. ૨૧

સાંપ્રત સમયમાં ટેકનોલોજીનો અભ્યાસકીય પ્રવ્રુતિઓમાં આયોજનપૂર્વક સમન્વય કરાવવાના હેતુથી બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં ગુજકોસ્ટની સહાયથી તા. ૧૮-૦૨-૨૦૨૦ અને ૧૯-૦૨-૨૦૨૦ના રોજ રાષ્ટ્રીય લેવલ નો ટેકફેસ્ટ, 'ટેકવિડન-૨૦૨૦' ના શીર્ષક હેઠળ યોજાયો હતો.

આ 'ટેકવિડન-૨૦૨૦' માં અનેક ટેકનીકલ અને નોન-ટેકનીકલ ઈવેન્ટ યોજાઈ હતી. તા. ૧૮-૦૨-૨૦૨૦ ના રોજ નોન-ટેકનીકલ ઈવેન્ટ જેવી કે કલે-મોડેલીંગ, લીબક્વેસ્ટ, એસે-રાઈટીંગ અને સોચ કી ખોજ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. જયારે ૧૯-૦૨-૨૦૨૦ ના રોજ મોડેલ-શોકેઝ, પોસ્ટર પ્રેઝેનટેશન, શેરલોક કોડ, સ્ક્રીબલ હન્ટ, ટેકનીકલ ગેમ્સ, રોબો રેસ, બ્રીજ ઈટ, વિડીઓ ક્વેસ્ટ, ટ્રેક ઈન, ટ્રાનઝીયન્ટ, ડીજી ટ્રિક, લેન ગેમિંગ, વગેરે જેવી ઈવેન્ટ યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના દરેક ડીપાર્ટમેન્ટ જેવા કે મીકેનીકલ, કોમ્પ્યુટર, આઈ.ટી, સિવિલ, ઈલેક્ટ્રીકલ, ઈ.સી. અને સાયન્સ એન્ડ હ્યુંમાંનીટીસના વિદ્યાર્થીઓએ અને ગાંધીનગર જિલ્લાની વિવિધ ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાનામાં રહેલી ટેકનીકલ ક્ષમતા અને જ્ઞાનનો ઉપયોગ કર્યો હતો.

સમગ્ર 'ટેકવિડન-૨૦૨૦' સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રોફેસર પાર્થિવ ત્રિવેદી, નેહલ જોષી અને મૌલિક પટેલ દ્વારા સફળતા પૂર્વક આયોજન કરવામા આવ્યુ હતું, જયારે ડૉ. અંકિત શાહ, ડૉ.લોકેશ ગગનાની અને પ્રો. મિત્તલ પટેલ તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ સાથે મળી કાર્યક્રમના સફળ સંચાલન માટે જહેમત ઉઠાવી હતી.

'ટેકવિડન-૨૦૨૦'ના સફળ આયોજન અને સંચાલન બદલ સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા અને નીલરાજસિંહ વાઘેલાએ સમગ્ર સ્ટાફ મિત્રોને અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા પીંપળજમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો





મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા-પીમ્પડજ માં વાર્ષિક રમતોત્સવ યોજાઈ ગયો.જેમાં બાળકોએ કબડ્ડી, ખોખો, વોલીબોલ, દોડ,કોથળા દોડ,સંગીત ખુરશી, સાટોળીયુ, લીંબુ ચમચી, કેરમ,ચેસ વગેરે રમતોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.વિજેતા વિદ્યાર્થીઓ તેમજ ટીમોને શાળાના ટ્રસ્ટી તેમજ શિક્ષક મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જરૂરિયાત ખાલી
એટલી જ છે...
કે 'યાદ'
કોઈ કરે તો
જરૂરિયાત વગર કરે...

## જન્મદિને વધામણી



રાહીલ શાહ
મો. ૯૯૭૯૭ ૩૨૮૪૯

## આજે ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલય ખાતે દ્વિતીય વાર્ષિક પદવી સમારંભ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિદ્યાલયનો દ્વિતીય વાર્ષિક પદવી સમારંભ ૨૨મી ફેબ્રુઆરીએ યોજનાર છે જેમાં મુખ્ય અતિથિના રૂપે ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તેમજ મુખ્ય મહેમાનના રૂપે માનનીય શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આ પ્રસંગે ઉપસ્થિત રહેનાર છે. ગુજરાત કેન્દ્રિય વિશ્વ વિધાલયના આદરણીય કૂલપતિશ્રી ડૉ. હસમુખ અઢિયા માનનીય ઉપકૂલપતિશ્રી પ્રો .રામાશંકર દૂબેના ઉપસ્થિતિમાં સમારંભની અધ્યક્ષતા કરશે.

યુનિવર્સિટી તેના દ્વિતીય વાર્ષિક પદવી સમારંભમાં ૩૬૮ વિધાર્થીઓને યુનિવર્સિટીના વિવિધ પ્રોગ્રામ માટે ડિગ્રી એનાયત કરશે જેમાં ૨૧૨ અનુસ્નાતક, ૭૮ પી.એચ.ડી, ૬૦ એમ.ફિલ અને ૧૬ પી.જી ડિપ્લોમા જેવા વિવિધ પ્રોગ્રામ માટે ડિગ્રી એનાયત કરશે. તે ઉપરાંત વર્ષ ૨૦૧૮-૧૯ માં વિવિધ અનુસ્નાતકમાં પાસ થયેલા બેચમાં વધુ ગુણ ધરાવનાર ૨૭ જેટલા વિધાર્થીઓને ગ્રેંડ મેડલ એનાયત કરવામાં આવશે. બધાજ ભાગ લેનારને સૂચિત કરવામાં આવે છે કે તેઓ સમારંભના વેશમાં સવારના ૯ વાગ્યે સભાગારમાં પોતાનું સ્થાન લઈ લેશે. સમારંભ સવારે ૧૦ વાગ્યાના સેક્ટર ૨૯ ના પરિસર ખાતે શરૂ થશે.

# શ્રી જય પ્રકાશ વિદ્યાલયમાં માતૃભાષા ગૌરવ દિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૧

શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે માતૃભાષા ગૌરવ દિન ની ઉજવણી કરવામાં આવી એ પ્રસંગે આચાર્ય શ્રી રાકેશભાઈ ઉપાધ્યાયે બાળકોને માતૃભાષા ના મહત્વ વિશે રસદાર શૈલીમાં સમજાવ્યું. તળપદા શબ્દો નો પ્રયોગ, વિવિધ બોલી, ભાષામાં કહેવત, રૂઢિ પ્રયોગ નાં ઉપયોગ વિશે સમજાવ્યું. અજીતસિંહ સોલંકી એ બાળકોને માતૃભાષા ના વિવિધ પ્રોજેક્ટ કરવા પ્રોત્સાહિત કર્યા. શ્રી શરદભાઈ પટેલે આભાર વિધિ કરી.

# રાજયકક્ષાની પેંચક સિલાટ સ્પર્ધામાં હીરામણિ સ્કૂલના વિદ્યાર્થીઓએ બાર ગોલ્ડ મેળવ્યા



ગાંધીનગર, તા. ૧૯

અમદાવાદની ખોખરા રમત-ગમત સંકુલ ખાતો યોજાયેલ પહેલા રાજયકક્ષાની પેંચક સિલાટ (માર્શલ આર્ટ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૦ જિલ્લાના ૨૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અમદાવાદની હીરામણિ સ્કૂલ (અંગ્રેજી-ગુજરાતી માધ્યમ)ના ખેલાડીઓને સિનિયર અને જુનિયરમાં ૧૨ ગોલ્ડ (સોરિયા વંદિત, સોની, ઈશાન, ચૌહાણ યોગેન્દ્ર, યાદવ શિવમ, ચૌહાણ કુલદીપ, શેમ શારીક અક્ષર, હેમરાજાની રીકીન, પીરધાનાની, આશિષ, શાહ સ્નેહ, પ્રજાપતિ ભાવિક, રાવલ શ્રેયા, દવે આકૃતિ), ૭ સિલ્વર (વાઘેલા પૃથ્વીરાજ, મેરુ શુભમ, બલસારા આત્મન, વડોદરિયા રુપિન, ચૌહાણ આયુષી, પટેલ દક્ષ, પટેલ રુદ્ર), ૧ બ્રોન્ઝ (ભાયાણી લક્ષ) મેડલ જીત્યા હતા.

આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, સીઈઓ ભગવાનભાઈ અમીન, શૈક્ષણિક સલાહકાર એ.સી. ગોપાણી અને શાળાના આચાર્યોએ તમામ ખેલાડીઓને અને કોચ શ્રદ્ધા પટેલને અભિનંદન આપ્યા હતા.

# શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઉજવાયો







ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ૧૮મી ફેબ્રુઆરીએ વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. તેમાં ધોરણ-૧ થી ૮ ની તેજસ્વી વિદ્યાર્થીઓને કુલ ૩૮,૬૪૪ રૂપિયા રોકલ ઈનામ પેટે આપવામાં આવ્યા હતા. તથા 'જીવન કે સંગ નવરસ કે સંગ' થીમ આધારિત વિવિધ રસો અંગોના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કુલ ૨૧૦ વિદ્યાર્થીનીઓએ હૃદયસ્પર્શી કૃતિઓ રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલયના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષ લીલાબેન આંકોલિયા, ટ્રસ્ટી બિપીનભાઈ પટેલ તથા રુપેશભાઈ પટેલ અને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની ડૉ. વૈશાલીબેન પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના આચાર્ય નિરુબેન પટેલે આમંત્રિત મહેમાનોનો પરિચય કરાવી સ્વાગત સાથે સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિક ચંદ્રકાન્તભાઈએ કર્યું હતું. કાર્યક્રમનાં અંતમાં શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈએ આભાર દર્શન કર્યું હતું.

# એરક્રાફ્ટ એન્જીનિયરીંગ કોર્સ માટે લેવામાં આવતી પરીક્ષા વિષે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. હું ધોરણ ૧૨ સાયન્સ માં અભ્યાસ કરું છું.એરક્રાફ્ટ એન્જીનિયરીંગ કોર્સ માટે લેવામાં આવતી એ.એમ.ઇ સી.ઈ.ટી પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- આદિત્ય પટેલ, ગાંધીનગર**



એએમઈ સીઈટી ૨૦૨૦ એ રાષ્ટ્રીય કક્ષાની સામાન્ય પ્રવેશ પરીક્ષા છે જે ભારતમાં માન્ય સંસ્થાઓમાં વિમાન એન્જીનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપે છે. એએમઈ સીઈટી ૨૦૨૦ માં ફક્ત એક જ કાગળ છે. એરક્રાફ્ટ એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા ઉદ્દેશ પદ્ધતિની છે અને તે હિન્દી અને અંગ્રેજી માધ્યમ બંનેમાં છે.એએમઈ સીઈટી ૨૦૨૦ના આધારે ઓલ ઈન્ડિયા રેન્કના વિદ્યાર્થીઓ કાઉન્સિલિંગમાં ભાગ લે છે અને ભારતમાં માન્ય સંસ્થાઓમાં તેમના પ્રવેશની પરવાનગી આપે છે.આ પરીક્ષા ની લાયકાત ની વાત કરીએ તો આ પરીક્ષા માટે વિદ્યાર્થીએ ધોરણ ૧૨ ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને ગણિત સાથે પાસ કરેલ હોવું જરૂરી છે.આ માટે વિદ્યાર્થીની ઉમર ૧૬ અને ૨૮ વચે હોવી જરૂરી છે. વિદ્યાર્થી માત્ર ત્રણ વાર જ આ પરીક્ષા માટે પ્રયાસ કરી શકે છે.આ પરીક્ષા માં આપ ને ૯૦ એમ.સી.ક્યૂ પ્રશ્નો પુછવામાં આવે છે.જેના માટેના વિષયો મુખ્યત્વે ફિઝીક્સ, કેમેસ્ટ્રી અને ગણિત, અંગ્રેજી તથા જનરલ નોલેજ રહેલા છે.આ પરીક્ષા હિન્દી તથા અંગ્રેજી મનને માધ્યમ માં લેવામાં આવે છે.જેમાં એક પ્રશ્ન ના ચાર માર્કસ અને ખોટા પ્રશ્ન ના માઈનસ એક માર્ક કર્યા બાદ આપનું ફાઈનલ મેરીટ તૈયાર થાય છે.અને એક જરૂરી બાબત એ પણ જણાવી દઈએ કે આ પરીક્ષા માં મેળવેળ રેન્ક મુજબ આપને ૨૦ હજાર થી લઈ ને ૪ લાખ સુધીની સ્કોલરશીપ પણ આપવામાં આવે છે.આમ આપ બરાબર મહેનત કરી ને આપ આ પરીક્ષા ની તૈયારી કરીને આપ આપની કારકિર્દી ઉજ્જવળ કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૨. હું હાલ ધોરણ ૧૨ માં અભ્યાસ કરું છું.ફાર્મ.ડી કોર્સ વિષે માહિતી આપશો.**

**- અભિલાષ મિસ્ત્રી, અમદાવાદ**



ફાર્મ.ડી અથવા ડોક્ટરેટ ઓફ ફાર્મસી એ એ ફાર્મસી ફિલ્ડ નો એક કોર્સ છે.જે કુલ ૬ વર્ષ એટલે કે ૫ વર્ષ સંસ્થાકીય શિક્ષણ તથા ૧ વર્ષ ઈંટરશિપ બાદ આપ આ ડોકરેટ ની પદવી હાંસલ કરી શકો છો.આ માટે આપે ધોરણ ૧૨ સાયન્સ બાયોલોજી અથવા બાયોલોજિ અને ગણિત બંને સાથે પાસ કરેલ હોવું જરૂરી છે.અથવા આપ ડિપ્લોમા ફાર્મસી કર્યા બાદ પણ આ કોર્સ કરી શકો છો.આપ આ કોર્સ ૩ વર્ષ માં પણ કરી શકો છો જો આપે બી.ફાર્મ માં સ્નાતક ની ડિગ્રી મેળવેલ છે તો.આ કોર્સ કર્યા બાદ આપ રિસર્ચ સાયંટિસ્ટ તરીકે કાર્યરત થઈ શકો છો. આ ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓને સંશોધન અને વિકાસ, ગુણવત્તા ખાતરી અને સુધારણા, આરોગ્ય સંભાળ અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં તકનીકી પ્રગતિ જેવી વ્યાપક તકો મળે છે. ફાર્મ.ડી ડિગ્રી ધારકોને ફાર્માસ્યુટિકલ કંપનીઓના આર એન્ડ ડી , ઉત્પાદન વિકાસ, તકનીકી અને માર્કેટિંગ વિભાગમાં તકો મળે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. મે ગયા વર્ષે જ બી.કોમ પૂરું કરેલ છે. હાલ ગવરમેંટ પરીક્ષા ની તૈયારી કરું છું.જો મારે ઘરે બેઠા જ એટ્લે કે કોઈ ક્લાસ વગર જ તૈયારી કરવી હોય તો શી રીતે કરી શકું? માહિતી આપશો.**

**- વિશાલ પટેલ, ગાંધીનગર**



વિશાલ, એ જાણી ને આનંદ થયો કે આપનો ધ્યેય નક્કી છે અને આપ ગવરમેન્ટ જૉબ મેળવવા ઈચ્છો છો. હવે આપ એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પોતાની જાતે કરવા ઈચ્છો છો તેના મહત્વના મુદ્દા આપની સમક્ષ રજૂ કરીશું. સૌપ્રથમ તો આપની આપના ધ્યેય પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે જે તમને સફળ થવા માટે ચોક્કસ મદદરૂપ થશે. સામાન્ય રીતે આપ કોઈ ક્લાસીસમાં જોડાવો છો તો આપને જોઈતું વાતાવરણ મળી શકતું હોય છે. જો આપ સેલ્ફ સ્ટડી કરતાં હોવ તો આપની મેહનત સતત અને નિયમિત હોવી જોઈએ એટ્લે કે આપે જે તે વિષય માટે વાંચન નિયમિત રીતે કરવું જરૂરી છે. એ માટે આપે સૌથી પહેલા તો જે તે પરીક્ષા નો અભ્યાસક્રમ જોવો જરૂરી છે. તેમાં આપેલ વિષય અને એમના ગુણભાર પ્રમાણે ટાઈમ ટેબલ બનાવવું અને એ અનુરુપ રોજ વાંચન કરવું. અભ્યાસક્રમ માટે આપ જે તે પરીક્ષાની સત્તાવાર સૂચના ધ્વારા જાણી શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિતની વાત કરીએતો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઈએ અને અમૂક શોર્ટ-કટ આવડવા જરૂરી છે જે માટે આપ કોઈ સારા પૂસ્તક ની મદદ લઈ શકો છો. એ જ પ્રમાણે આપ અંગ્રેજી અને જનરલ નોલેજ માટે અંગ્રેજી ન્યૂઝપેપરનું નિયમિત વાંચન કરી શકો છો. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ, ઈતિહાસ, બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે અને તે માટે આપ જી.સી.ઇ.આર.ટી અથવા એન.સી.ઇ.આર.ટી ના ધો.૫ થી ૧૦ના પૂસ્તકનું વાંચન કરી શકો છો. આવું કરવાથી આપનો પાયો મજબૂત બનશે અને ત્યારબાદ બજારમાં ઉપ્લબ્ધ કોઈ સારા પૂસ્તકનું ચયન કરવુ જરૂરી છે. અહીં એક વાત જણાવવા માંગીએ છીએ કે "કોઈ એક જ વિષયના દસ અલગ-અલગ પુસ્તક વાંચવા કરતા એક જ પુસ્તક દસ વખત વાંચવુ વધુ યોગ્ય છે". એટ્લેકે કોઈ એક વિષયના બજારમાં ઉપ્લબ્ધ એકાધિક પુસ્તક કરતા એક જ યોગ્ય પૂસ્તકનું નિયમિત વાંચન કરવુ. એ સિવાય આપ અલગ-અલગ વિષયનું જ્ઞાન મેળવવા માટે ઈન્ટરનેટ અથવા યુ-ટ્યુબનો પણ ઉપયોગ કરી શકો છો. આમ આપ ગંભીરતાપૂર્વક નિયમિત અને સતત મેહનત કરીને કોઈ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner